જન્મદિને વધામણી

અશ્વિન વાસુદેવ ત્રિવેદી
એડવોકેટ
મંત્રી, બ્રહ્મસમાજ, ગુજરાત કારોબારી સભ્ય, ગાંધીનગર કલ્ચરલ ફોરમ અને શિવરંજની
મો. ૯૮૨૫૪ ૫૦૧૯૧

રમેશભાઈ એમ શ્રીમાળી
આસિ. ડિવિઝનલ મેનેજર
યુનાઇટેડ ઇન્ડિયા ઇન્શ્યોરન્સ કંપની લિમિટેડ, ગાંધીનગર
મો. ૯૫૭૪૭ ૩૭૦૦૭

અશોક જે શાહ
ફોન : ૨૩૨૩૭૩૩૩
મો. ૯૪૨૬૩ ૩૦૨૭૩

મુકેશ રતિશભાઈ દવે
ઓડિટર, ગુજ. મુલ્કી સેવા ટ્રિબ્યુનલ
મો. ૯૯૨૪૧ ૨૭૫૯૦

હરીભાઈ એન ચૌહાણ
ફોન : ૨૩૨૩૪૩૯૭

ફાલ્ગુની એન આસોડીયા
મો. ૯૯૨૪૫ ૦૨૫૨૬

જતીન આર કપુર
એડવોકેટ, ટ્રસ્ટી
પરમ-હરખ સ્વર્ણિમ ફાઉન્ડેશન

રોનક કે વાઘેલા

હાન્યા મનન શાહ
મો. ૯૯૨૪૩ ૩૫૩૭૭

શનિવારે ગાંધીનગર ટાઉનહૉલમાં કથ્થક આધારિત નૃત્યોનો કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૨૬

શ્રી અરવિંદ કેન્દ્રના ઉપક્રમે ગાંધીનગરનાં નૃત્યાંગના ગાર્ગી પસારી દ્વારા અભિવ્યક્તિ નામે એક વિશેષ નૃત્ય કાર્યક્રમનું આયોજન શનિવારે રાત્રે ગાંધીનગર ટાઉનહૉલ ખાતે કરવામાં આવ્યું છે.

આ અંગેની વિગતો આપતાં શ્રી અરવિંદ કેન્દ્રના પ્રમુખ ડૉ. સી કે તન્નાએ જણાવ્યું છે કે 'અભિવ્યક્તિ' નામનો આ વિશેષ કાર્યક્રમ કથ્થક આધારિત નૃત્યોનો કાર્યક્રમ છે, જેનું આયોજન શનિવારે રાત્રે ૮ કલાકે ટાઉનહૉલ ખાતે કરવામાં આવ્યું છે.

આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે રાજ્યના શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, અતિથિવિશેષ તરીકે કલાનિધિ કથ્થક ઍકેડેમી અને પ્રૉ. બી આર આંબેડકર ઓપન યુનિ. અમદાવાદનાં ડિરેક્ટર ડૉ. અમી ઉપાધ્યાય, ગાંધીનગર કલ્ચરલ ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાન્ત જહા ઉપસ્થિત રહેશે.

કાર્યક્રમ અંતર્ગત પ્રસ્તુત થનારાં નૃત્યોનું નિર્દેશન ગાર્ગી પસારી ઠક્કર દ્વારા કરવામાં આવ્યું છે. ગાયક તરીકે પિનાકીન વ્યાસ અને પરમેશી વ્યાસ ભૂમિકા ભજવશે. કથક પઢંત અલ્પા દેસાઇ શર્મા, સિતાર વાદન ઉસ્તાદ અમીર ખુશરો ખાન, તબલાંવાદન ચંદ્રપ્રકાશ શર્મા, અરવિંદ વોરા, વાંસળીવાદન આલાપ પરીખ અને હાર્મોનિયમ વાદન વ્યોમેશ માંડલિયા દ્વારા કરવામાં આવશે, એમ તેમણે વધુમાં જણાવ્યું છે.

મમતા આઈએઍસ સ્ટડી સૅન્ટર દ્વારા વિદ્યાર્થીઓ, વાલીઓ માટે સેમિનાર

ગાંધીનગર, તા. ૨૬

સર્વ વિદ્યાલય પરિસર, સૅક્ટર-૨૩માં કાર્યરત વિવિધ શાળાઓના વિદ્યાર્થીઓ સ્પર્ધાત્મક કસોટીઓમાં શ્રેષ્ઠ દેખાવ કરી શકે તે હેતુથી મમતા આઈએઍસ સ્ટડી સૅન્ટર દ્વારા આઈએઍસ તાલીમ અભ્યાસ માટે એક કસોટી લેવામાં આવી હતી, જેમાં આર જી પટેલ કન્યા શાળાની પાંચ વિદ્યાર્થીનીઓ પસંદગી પામી હતી. તેમના સહિત સંસ્થાની ૨૨૦ જેટલી વિદ્યાર્થીનીઓ પણ આ પ્રવેશ પરીક્ષામાં ઉત્તીર્ણ થઈ હતી, જેમને આગળ અભ્યાસ માટે માર્ગદર્શન આપવા હેતુ તેમના વાલીઓ સાથેનો એક સેમિનાર શેઠ શ્રી ખીમજી વિશ્રામ ભવન ખાતે યોજવામાં આવ્યો હતો.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ચૅરમૅન વલ્લભભાઈ પટેલ આ પ્રસંગે વિદ્યાર્થીઓને આશિષ પાઠવવા ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

આ વિદ્યાર્થીઓના માર્ગદર્શક કોલગીસાહેબે સમગ્ર અભ્યાસક્રમની રૂપરેખા આપી હતી અને સપ્તાહમાં બે દિવસ આયોજિત આ અભ્યાસક્રમના સમય પત્રક અને વિશેષતા બાબતે વાલીઓને વિગતે વાત કરી હતી. આ પ્રસંગે તેમણે આ પ્રકારના અભ્યાસ થકી આઈએઍસ પરીક્ષામાં સફળતા મેળવનારા સંસ્થાના પૂર્વ વિદ્યાર્થીઓને પણ યાદ કર્યા હતા.

ચેરમેન દ્વારા આઈએઍસના વર્ગોમાં જે બાળકોની હાજરી ૮૦ ટકા કે તથી વધુ હોય તેમને તેમણએ ભરેલ ફી પરત આપવાની વાત કરી, જેને વાલીઓ, વિદ્યાર્થીઓએ હર્ષથી વધાવી લીધી હતી.

કાર્યક્રમના અંત ભાગમાં સચિનભાઈ સોની દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી.

ચૌધરી મહિલા કૉલેજ ખાતે વિદ્યાર્થીનીઓ માટે વક્તવ્ય

ગાંધીનગર, તા. ૨૬

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજના ઍનઍસઍસ યુનિટ અને સરકારી મોડેલ આયુર્વેદ કૉલેજ સંલગ્ન હૉસ્પિટલ, કોલવડાના સંયુક્ત ઉપક્રમે કૉલેજની વિદ્યાર્થીનીઓ માટે 'સાયકોલોજીકલ ચેન્જીસ ઇન ધ ફિમેલ બૉડી ડ્યુરિંગ પ્યુબર્ટી એજ' વિષયે વક્તવ્યનું આયોજન કરવામાં આવ્યું હતું.

અખંડ આનંદ આયુર્વેદ કૉલેજ, અમદાવાદના આસિ. પ્રૉફેસર ડૉ. મીરા રાજાણીએ આ વક્તવ્ય આપતાં વિદ્યાર્થીનીઓને પ્યુબર્ટી એજની સમસ્યાઓ, પરિવર્તનો વિશે વિસ્તૃત જાણકારી આપી હતી. સેમિનારને અંતે તેમણે તથા તેમની સાથે ઈન્ટર્ન ડૉ. સપનાબેન, ડૉ. અર્ચનાબેને વિદ્યાર્થીઓની સમસ્યાઓ અંગે વ્યક્તિગત કાઉન્સેલિંગ કરી, તેમનું નિદાન કરી નિઃશુલ્ક ઔષધિઓ પણ આપી હતી.

કાર્યક્રમનું આયોજન શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજ અને સરકારી મૉડેલ આયુર્વેદ કૉલેજ સંલગ્ન હૉસ્પિટલ, કોલવડા વચ્ચે થયેલ ઍમઓયુ અંતર્ગત આયુર્વેદ હૉસ્પિટલના ડૉ. ગૌરવ ઠક્કરના સહકાર અને સંકલનથી કૉલેજના ઍનઍસઍસ પ્રોગ્રામ ઑફિસર પ્રા. ભરતસિંહ રાવ દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની સફળતા માટે કૉલેજનાં આચાર્ય ડૉ. ઊર્મિલાબેન ચૌધરીએ શુભેચ્છાઓ પાઠવી હતી.

વિજ્ઞાન કૉલેજના વિદ્યાર્થીઓએ બાળકોના ચહેરા પર સ્મિત રેલાવ્યું

સરકારી વિજ્ઞાન કૉલેજના ઍનઍસઍસ યુનિટના વિદ્યાર્થીઓએ સ્કૂલમાં અભ્યાસ કરતા જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને શૈક્ષણિક સામગ્રીની ભેટ આપીને તેમને ખુશખુશાલ કરી દીધા છે.

સરકારી વિજ્ઞાન કૉલેજ, ગાંધીનગરમાં અભ્યાસ કરતા ઍનઍસઍસ યુનિટમાં જોડાયેલા વિદ્યાર્થીઓ અને કૉલેજના અન્ય વિદ્યાર્થીઓ દ્વારા આયોજિત કેન્ટિન ડેમાં ગત વર્ષે ૩૦ હજાર રૂપિયા જેટલું ભંડોળ એકત્ર થયું હતું. આ રૂપિયાનો ઉપયોગ વિદ્યાર્થીઓએ સત્કાર્યોમાં કરવાનું નક્કી કર્યું અને એ નિર્ણયનો અમલ કરતાં તેમણે શૈક્ષણિક વસ્તુઓ - પૅન્સિલ, રબર, નોટબૂક, પેડ, કંપાસબૉક્સ, ચોપડા, કલર વગેરેની ખરીદી કરી. આ સઘળી ચીજવસ્તુઓ તેમણે સરકારી પ્રાથમિક શાળા, સૅક્ટર-૧૩ તથા સૅક્ટર-૧૩/૧ના કુલ ૪૨૦ જેટલા વિદ્યાર્થીઓને ભેટ ધરી હતી અને વિદ્યાર્થીઓના ચહેરા પર ખુશીનું સ્મિત જગાવવામાં તેઓ કારણભૂત બન્યા હતા. આ કાર્યક્રમમાં કૉલેજના આચાર્ય ડૉ. પી એ વાઢેર, ઍસઆરસી કમિટીના ચેરમેન, સંસ્થાના ઍનઍસઍસ પ્રોગ્રામ ઑફિસર ડૉ. યુ પી તરપદા, પ્રાધ્યાપક ડૉ. ડી ઍસ ગાંધી, પ્રાથમિક શાળાના આચાર્યો ઉપસ્થિત રહ્યા હતા. આચાર્ય ડૉ. વાઢેરે આ સેવાકાર્યમાં સહભાગી થનારા દરેક વિદ્યાર્થીને બિરદાવી કૉલેજ પરિવાર વતી અભિનંદન પાઠવ્યા હતા.

મનોરંજન

સિટી પ્લસ

સ્ક્રીન-૧
કબાલી (હિન્દી)
૩.૪૫, ૬.૪૫, ૧૦.૦૦
સ્ક્રીન-૨
કબાલી (હિન્દી)
૧૨.૩૦
મદારી
૩.૩૦, ૬.૩૦, ૯.૪૫
સ્ક્રીન-૩
સ્ટાર ટ્રેક બિયોન્ડ (૩ડી-અંગ્રેજી)
૪.૦૦, ૧૦.૧૫
સ્ટાર ટ્રેક બિયોન્ડ (૩ડી-હિન્દી)
૧૧.૪૫, ૨.૦૦, ૭.૦૦
સ્ક્રીન-૪
ઈશ્ક ક્લિગ
૧૨.૩૦
સુલતાન
૬.૩૦
કબાલી (તમિલ)
રાત્રે ૯.૩૦
સ્ક્રીન-૫
કબાલી
૧૦.૦૦
મદારી
૧૨.૪૫
સુલતાન
૩.૧૫, ૯.૪૫

શ્રી જે ઍમ ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય કુસ્તી સ્પર્ધામાં વિજેતા

ગાંધીનગર, તા. ૨૬

જિલ્લાકક્ષાની કુસ્તી સ્પર્ધા સોમવારે આયોજિત થઈ હતી, જેમાં શ્રી જે ઍમ ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય (ગ્રાન્ટેડ)ની ખેલાડી બહેનોએ અન્ડર-૧૯ વિભાગમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું અને રાજ્યકક્ષાની સ્પર્ધા માટે પોતાની ઉમેદવારી નિશ્ચિત કરી હતી.

આ વિજેતા ટીમમાં લલિતા કે ચૌધરી, પવન જી ચૌધરી, માયા એમ ચૌધરી, શીતલ જી ચૌધરી, રશ્મિકા એ ચૌધરી સામેલ હતાં, જેમને શાળાનાં આચાર્ય સંતોકબેન ચૌધરી તથા વ્યાયામ શિક્ષક લીલાબેન ચૌધરી, વિનાક્ષીબેન સુતરિયા, હેતલબેન દેસાઈ અને સમગ્ર શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.

ઉમા આર્ટ્સ-નાથીબા કૉમર્સ કૉલેજ ખાતે જે સી પટેલનું પ્રેરક વ્યાખ્યાન યોજાયું

ઉમા આર્ટ્સ અને નાથીબા કૉમર્સ મહિલા કૉલેજ ખાતે શિક્ષણ, સ્વાસ્થ્ય, સંસ્કાર તથા જીવનશૈલીલક્ષી પ્રેરક વક્તવ્ય આપવા માટે જાણીતા એવા જે સી પટેલનું '૯૦ ટકા કેવી રીતે લાવી શકાય' એ વિષયે વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું. વિદ્યાર્થીનીઓ તેમની હળવી અને રસપ્રદ શૈલીથી અત્યંત પ્રસન્ન થઈ હતી અને પ્રેરણા તથા માર્ગદર્શન પામી હતી. આ કાર્યક્રમ આચાર્ય અમૃતાબેન પટેલની પ્રેરણાથી યોજાયો હતો. આરંભે ઉપાચાર્ય ડૉ. પ્રણવ જોષીપુરાએ વક્તાનું શાબ્દિક તથા પુષ્પોથી સ્વાગત કર્યું હતું. કાર્યક્રમના અંતે પ્રાધ્યાપક પાયલબેન પંડ્યાએ આભાર દર્શન કર્યું હતું. અધ્યાપકો, વિદ્યાર્થીનીઓના સહકારથી કાર્યક્રમ સફળ રહ્યો હતો.

બીજા ભવમાં પણ રામ જ પતિ તરીકે મળે : સીતાજી

vamlani2000@yahoo.co.uk

એક દંપતિ. બંને નોકરી કરે. બંને સારા હોદ્દા ઉપર. બંને કલા અને સાહિત્યના પ્રેમી એટલે એ પ્રકારનાં કાર્યક્રમોમાં બંને હંમેશા સાથે જ હોય. મારે એ દંપતિ સાથે કૌટુંબિક સંબંધો એટલે કેટલીયે વાર તેઓનાં ઘેર જવાનું બનતું. બંને ખૂબ જ રમતિયાળ એટલે બંનેના મીઠા ઝઘડાનો પણ હું ઘણીવાર સાક્ષી બન્યો છું. એ મિત્રનાં પત્ની દ્વારા તેમના પતિને કહેવાતું એક વાક્ય મેં ઘણીવાર સાંભળ્યું છે. એ વાક્ય છે 'તું ગમે તે કરે, ગમે તે કહે, પણ હું તો ભગવાન પાસે એક જ પ્રાર્થના કરું છું કે માત્ર આવતા ભાવમાં જ નહિ, ભવોભવ તું જ મારો પતિ બને. તું જ મને મારા પતિ તરીકે મળે.' બંને વચ્ચે ખરેખર પ્રેમ પણ એવો જ હતો જેવો એક આદર્શ દંપતિ વચ્ચે હોવો જોઈએ.

એવું કહેવાય છે કે પતિ-પત્નીનાં સંબંધો પાણીના બંધારણ જેવા હોય છે. આપણે જાણીએ છીએ કે પાણીનાં બંધારણમાં હાઈડ્રોજન અને ઓક્સિજન હોય છે. પાણીમાં બંને એવા મિશ્રિત થઈ ગયા હોય છે કે બંનેને અલગ કરવા અસંભવ છે. હાઈડ્રોજન અને ઓક્સિજનનું સંયોજન જે રીતે પાણીને પ્રવાહી સ્વરૂપમાં રાખે છે એવી જ રીતે પતિ-પત્નીનું પ્રેમાળ સંયોજન દામ્પત્ય જીવનને પણ પ્રવાહી રાખે છે જેના કારણે તેઓનું જીવન સરળતાથી અને તરલતાથી એક પ્રવાહની જેમ વહ્યા કરે છે.

દામ્પત્ય જીવનમાં જો કંઈ સર્વોપરી હોય તો તે પ્રેમ અને માત્ર પ્રેમ જ છે. પ્રેમ હોય ત્યાં અન્ય તમામ પ્રકારની લાગણીઓ અને તમામ પ્રકારની ભૌતિક વસ્તુઓ તુચ્છ બની જાય છે. પ્રેમના અતૂટ બંધને જ દામ્પત્ય જીવન બંધાયેલું હોય છે. પ્રેમ વ્યક્ત પણ હોઈ શકે અને અવ્યક્ત પણ હોય શકે. પ્રેમ વ્યક્ત હોય કે અવ્યક્ત, દામ્પત્ય જીવનમાં કોઈ જ ફેર નથી પડતો.

દામ્પત્ય જીવનનાં પ્રેમના જે કંઈ આધારસ્તંભો છે તેમાંનો એક છે વિશ્વાસ. પતિ-પત્નીનો એકબીજા ઉપરનો વિશ્વાસ.

પતિ-પત્નીનો પરસ્પરનો વિશ્વાસ એ દામ્પત્ય જીવનની સફળતાની ગુરૂચાવી છે. પરસ્પર પ્રેમનો વિશ્વાસ, એકબીજા પ્રત્યેના કર્તવ્ય પાલનનો વિશ્વાસ, એકબીજા પ્રત્યેની ફરજ બજાવવાનો વિશ્વાસ, એકબીજાના અધિકારો ભોગવવાનો વિશ્વાસ, દામ્પત્ય જીવનનાં દ્રઢ થયેલાં મૂલ્યોને પાળવાનો અને નિભાવવાનો વિશ્વાસ અને એ મૂલ્યોનું જતન કરવાનો વિશ્વાસ. લગ્નજીવનનાં વહાણ એકબીજાનાં વિશ્વાસે જ હંકારાય છે. એ વિશ્વાસ જો ક્યાંક પણ ડગમગે, અવિશ્વાસનો પવન જો ફૂંકાય, તો લગ્ન-જીવનનું વહાણ હાલક-ડોલક થાય. તેનું પરિણામ કદાચ એવું આવે કે લગ્ન-જીવનનું વહાણ કાં તો તૂટી જાય ને કાં તો ડૂબી જાય. વહાણના અડગ કૂવાસ્તંભ જેવા વિશ્વાસના આધારે જ લગ્ન-જીવનની નૈયા સફર પૂરી કરી શકે છે.

થોડા સમય પહેલા એક યુવતીએ સુંદર પ્રશ્ન પૂછ્યો. 'સગાઈ અને લગ્ન વચ્ચે કેટલો સમયગાળો રાખવો જોઈએ?' લગ્ન-જીવનની સફળતા માટે સગાઈ અને લગ્ન વચ્ચેનો સમયગાળો ખૂબ જ મહત્વનો છે. આ સમય ગાળા દરમ્યાન યુવક અને યુવતીએ પરસ્પર વિશ્વાસ સંપાદન કરવાનો હોય છે. બંને વચ્ચે વિશ્વાસની, ભરોસાની એક ગાંઠ બંધાય, બંને એકબીજા ઉપર વિશ્વાસ મૂકી શકે એટલો વિશ્વાસ બંધાય એટલો સમયગાળો તો રાખવો જ જોઈએ. સગાઈ અને લગ્ન વચ્ચેનો વધારે પડતો સમયગાળો પણ સંપાદન કરેલા વિશ્વાસને ડગમગાવી શકે છે. આ સમયગાળા દરમ્યાન માત્ર યુવક-યુવતીએ જ નહિ, પણ બંનેના કુટુંબીજનો વચ્ચે પણ પરસ્પર વિશ્વાસ સંપાદન કરવો જરૂરી છે.

દાંપત્યજીવનમાં પરસ્પરનો વિશ્વાસ વ્યક્ત પણ હોય શકે અને અવ્યક્ત પણ હોઈ શકે. પરસ્પરનો વિશ્વાસ એ એકબીજાની સમજદારીનો વિષય છે. પરસ્પરના વિશ્વાસનો સમાજમાં ઢંઢેરો પીટવાનો ના હોય, તેનો દેખાડો ના હોય અને તેના ગાણા પણ ગાવના ના હોય. વિશ્વાસ એ દંપતિનો એકદમ અંગત મામલો છે. દામ્પત્યજીવનમાં જ્યાં પરસ્પર વિશ્વાસ નથી ત્યાં શંકા અને નકારાત્મકતાનો પ્રવેશ થાય છે. દામ્પત્યજીવનમાં વિશ્વાસ તૂટે એટલે અનેક પ્રકારની નકારાત્મકતા તેમાં ઘર કરવા લાગે છે. વિશ્વાસનો અભાવ એટલે શંકા, કુશંકા, નકારાત્મકતા, વિખવાદ, ઝઘડા અને તેનું પરિણામ એટલે લગ્ન-જીવનની નિષ્ફળતા. વિશ્વાસ તૂટે એટલે લગ્ન-જીવન તૂટવાની શરૂઆત થાય છે. કારણ કે વિશ્વાસના પાયા ઉપર જ લગ્ન-જીવનની ઈમારત ચણાયેલી હોય છે. પાયો જેટલો મજબૂત એટલી જ મજબૂત ઈમારત.

મનોવૈજ્ઞાનિક રીતે એવું સાબિત થયું છે કે જે દંપતિઓમાં પરસ્પર અતૂટ વિશ્વાસ હોય, પ્રેમભાવ હોય, પરસ્પરની સમજણ હોય, લાગણી હોય તે દંપતીના લગ્નજીવનના પચીસ-ત્રીસ વર્ષે પતિ-પત્નીની રીતભાત, બોલવા-ચાલવાની ઢબ, તેમના શરીરની ભાષામાં ઘણાબધા ફેરફારો થાય છે. અને આ ફેરફારો એવી રીતે થાય છે કે બંનેમાં સામ્યતા સર્જાય છે. આ વાતથી આગળ, મનોવૈજ્ઞાનિક રીતે એવું પણ સાબિત થયું છે કે આ પ્રકારના દંપતિઓનાં ચહેરાઓની અણસારમા પણ એવું પરિવર્તન આવે છે કે પતિ-પત્નીના અણસારમાં પણ સામ્યતા દેખાય છે. જોકે દરેક કિસ્સાઓમાં આવું બને એ જરૂરી નથી.

રામાયણની ઘટનાઓથી આપણે સૌ વાકેફ છીએ. રામ અને સીતાજીના સ્વયંવરથી માંડીને બંનેનો ચૌદ વર્ષનો વનવાસ, સીતાજીનું રાવણ દ્વારા હરણ, શ્રીલંકા ઉપર રામની ચઢાઈ, રામનો વિજય, અયોધ્યા નગરીમાં રામનો રાજ્યાભિષેક, ધોબીનાં કટુવચનનો, રામ દ્વારા સીતાજીનો ત્યાગ, લવકુશનો જન્મ, અશ્વમેધ યજ્ઞ અને સીતાજીનું ધરતીમાં સમાઈ જવું. આ બધા જ પ્રસંગો લોકજીભે છે. રામાયણમાં સીતાજીએ રામ સમક્ષ પોતાની બહુ ઓછી ઈચ્છાઓ પ્રગટ કરી છે. તેમાંની એક ઈચ્છા જે સીતાજીએ પ્રગટ કરી હતી એ કે;

'મને બીજા ભવમાં પણ રામ જ પતિ તરીકે મળે.' જે દંપતિ અતૂટ વિશ્વાસ અને પ્રેમની કડીથી બંધાયેલા હોય એવા જ દંપતિ આ પ્રકારની ઈચ્છા વ્યક્ત કરી શકે.